# <u>અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાના પ્રવચનના મુદ્દા</u>

## <u>તા.૦૮–૦૨–૨૦૨૪</u>

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતની સ્થાપના બાદ ગુજરાતે જે તે વર્ષે વિધાનસભા ગૃહમાં રજૂ થયેલા અંદાજપત્રમાં થયેલી આર્થિક જોગવાઈઓના આધારે ગુજરાતે જે તે રાજય સરકારના નેતૃત્વમાં વિકાસની પ્રક્રિયા જાળવવાના પ્રયાસો કર્યા છે. આમ છતાં, મારે ગૌરવભેર કહેવું છે કે, વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૨૪ સુધીમાં રજૂ થયેલા આ ભાજપ સરકારના જે તે વર્ષના અંદાજપત્રને કારણે અને વર્ષો વર્ષ વધતી જતી તેની આર્થિક જોગવાઈઓના કારણે ગુજરાતે સમગ્ર દેશમાં વિકાસશીલ આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે.

- **વર્ષ ૨૦૦૨–૦૩ની બજેટ જોગવાઈ રૂા. ૨૯,૭૨૪ કરોડ હતી.**
- **વર્ષ ૨૦૨૪–૨૫ની બજેટ જોગવાઈ રૂા. ૩,૩૨,૪૬૫ કરોડ છે.**

## ગુજરાત : વિકાસના આગવા મોડેલની દિશા કંડારતા બજેટની પરંપરા

- **તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૪ દરમ્યાનના પોતાના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમ્યાન ગુજરાતને વિકાસ ક્ષેત્રે આગવી ઓળખ અપાવે તે રીતે રાજયની એવી તો અનેકવિધ યોજનાઓ અમલી બનાવી,** જેના કારણે વિકાસની દ્રષ્ટિએ સમગ્ર દેશ માટે વિકાસનું એક આગવું મોડેલ પ્રસ્થાપિત થયું છે.
- ગામડાથી લઈને શહેર સુધીનો સમતોલ વિકાસ એ ગુજરાતના અત્યાર સુધીના અંદાજપત્રોની વિશેષતા છે. આ બજેટ સંપૂર્ણ વિકાસની દિશા તરફ આગળ ધપતું બજેટ છે.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ ૨૦,૧૦૦ કરોડની જોગવાઈ

- વિવિધ યોજનાઓ દ્વારા ગુજરાતના લોકોના આરોગ્ય અને સુખાકારીમાં વૃદ્ધિ કરવા બજેટમાં **૩૨.૪૦%**નો નોંધપાત્ર વધારો કરી આગામી વર્ષ માટે **`૨૦,૧૦૦ કરોડ**ની જોગવાઈ.
- ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે સઘન કાર્ડિયાક સારવાર મળી રહે તે માટે યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદના સહયોગથી કાર્ડિયાક ટ્રીટમેન્ટ સેન્ટર શરુ કરવા માટે **`૪૦ કરોડ**ની જોગવાઈ.
- **સુરત જિલ્લાના કામરેજ નજીક** તથા અમદાવાદ જિલ્લામાં બાવળા નજીક **૩૦૦ બેડની** જિલ્લાકક્ષાની હોસ્પિટલ બનાવવાની જોગવાઈ.

- ગુજરાતમાં **વર્ષ ૨૦૦૨** માં **કુલ–૦૬ સરકારી મેડીકલ કોલેજ** કાર્યરત હતી અને તેમાં **૧૧૦૦ જેટલી સીટ** ઉપલબ્ધ હતી.
- **હાલમાં ૩૦ સરકારી મેડીકલ કોલેજો** કાર્યરત છે અને તેમાં **યુ.જી.ની ૭૦૫૦ જેટલી સીટ** છે જયારે **પી.જી. મેડીકલ કોલેજોમાં ૨૬૫૦** જેટલી સીટ ઉપલબ્ધ.

**કોકલીયર ઈન્મપ્લાંટના કેટલા દર્દીઓ**

- અત્યાર સુધીમાં **કૂલ ૩૦૫૦ કોકલીયર ઈમ્પ્લાન્ટ** કરવામાં આવ્યા. એક કોકલીયર ઈમ્પ્લાન્ટ માટે સરકારને **અંદાજીત ૭ થી ૮ લાખ રૂપિયા જેટલો ખર્ચ** થાય છે.

- **સુરતની ત્રણ દિકરીઓનું કોકલીયર ઇમ્પ્લાન્ટ.**
    - **વૈશાલી લક્ષ્મણભાઇ રાણાવાડિયા**
    - **પંથી મનિષભાઇ પોસીયા**
    - **સાક્ષી કલ્પેશભાઇ પ્રજાપતિ**

**ડાયાલીસીસ સેન્ટરો**

- ગુજરાતના દરેક તાલુકાદીઠ એક ડાયાલીસીસ સેન્ટર મળી ગુજરાતમાં **કુલ ૨૭૨ ડાયાલીસીસ સેન્ટર** કાર્યરત.
- **દર મહિને અંદાજીત ૫૫,૦૦૦ જેટલા** દર્દીઓને સારવાર.

## <u>**ઓર્ગન ડોનેશનમાં ગુજરાતની સ્થિતિ**</u>

- ગુજરાતમાં **<u>સ્ટેટ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન</u>** (<u>SOTO</u>-સોટો)ની સ્થાપના વર્ષ ૨૦૧૯માં.
- **સોટોની સ્થાપના બાદ** અંદાજીત **<u>૧૪૨૦ જેટલા ઓર્ગન ડોનેટ</u>**
- **૧૨૮૭ જેટલા ટ્રાન્સપ્લાન્ટ.**

## કાર્ડીયાકની સુવિધા તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ અને કિડની

- યુ એન મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ – **ગત વર્ષે જ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની મંજૂરી – મંજૂરી આપ્યા બાદ ૦૮ જેટલા દર્દીઓના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ.**

**આરોગ્ય કેન્દ્રોની વિગત :–**

- વર્ષ ૨૦૦૩માં પી.એચ.સી. સેન્ટરની સંખ્યા – ૧૦૫૨
  **હાલમાં – ૧૪૯૯ જેટલી**

- વર્ષ ૨૦૦૩માં સી.એચ.સી. સેન્ટરની સંખ્યા – ૨૬૧
  **હાલમાં – ૩૬૫ જેટલી**

## **શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ `૨૬૫૯ કરોડની જોગવાઈ**

- શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત શ્રમિકોને **રૂ.૫ ના નજીવા દરે** સ્વાસ્થ્યપ્રદ ભોજન ઉપલબ્ધ કરાવવા માટે હાલમાં **૨૭૩ કેન્દ્રો** કાર્યરત છે. જેમાં દરરોજ સરેરાશ **૪૦ હજારથી વધુ શ્રમિકો** જમે છે. આ યોજના અંતર્ગત **નવા ૧૦૦ ભોજન વિતરણ કેન્દ્રો** શરૂ કરવામાં આવશે. આ યોજના માટે `૧૩૧ કરોડની જોગવાઈ.

## શિક્ષણ વિભાગ માટે કુલ ૫૫,૧૧૪ કરોડની જોગવાઈ

### ડ્રોપ આઉટ રેશિયો

- વર્ષ ૨૦૦૧–૦૨માં **ધોરણ–૧ થી ૮**નો ડ્રોપ આઉટ રેશિયો **૩૮.૯૨ ટકા** હતો, જે વર્ષ **૨૦૨૨–૨૩માં ૨.૬૮ ટકા**.
- વર્ષ ૨૦૦૧–૦૨માં **ધોરણ–૧ થી ૫**નો ડ્રોપઆઉટ રેશિયો **૨૦.૫ ટકા** હતો, જે વર્ષ **૨૦૨૨–૨૩માં ૧.૧૭ ટકા**.

### ૨૦૦૧ થી આજ સુધી નવા બનાવેલા ઓરડાઓ

- વર્ષ ૨૦૦૧–૦૨ થી ૨૦૨૨–૨૩ સુધીમાં **કૂલ ૧,૬૦,૩૯૫** નવા ઓરડાઓનું બાંધકામ.

## **કુલ સ્માર્ટ કલાસ અને નવા પ્લાનીંગ**

- અત્યાર સુધીમાં કુલ **૬૫,૪૩૭ સ્માર્ટ કલાસ** વિકસાવવામાં આવેલ
- **વધુ ૪૩,૭૫૦ સ્માર્ટ કલાસ** વિકસાવવા માટે કામગીરી પ્રગતિમાં.

## **૨૦ બાળકોની ઓછી સંખ્યાની શાળાઓની સંખ્યા**

- **૧૭૮૦** સરકારી શાળાઓમાં નામાંકન ૨૦ થી ઓછા બાળકોનું નામાંકન. (કુલ ૩૩,૪૦૧ સરકારી શાળાઓ પૈકી)
- સરકારી પ્રાથમિક શાળાઓમાં **૧૫ હજાર નવા ઓરડાઓ**નું નિર્માણ કાર્ય પૂર્ણ.
- **૧૫ હજારથી વધુ** ઓરડાઓનું કામ પ્રગતિ હેઠળ.
- **૬૫ હજાર**થી વધુ સ્માર્ટ કલાસરૂમ બનાવવામાં આવેલ છે
- બીજા **૪૫ હજાર** કલાસરૂમનું કામ પ્રગતિ હેઠળ.

- **૬ હજાર** શાળાઓમાં **૧ લાખ જેટલા કમ્પ્યુટર્સની** ફાળવણી.
- **૧૫ હજાર** શાળાઓમાં **૨ લાખ કમ્પ્યુટર્સ** આપવાની કામગીરી પ્રગતિમાં.
- **૧૬૨ નવી સરકારી માધ્યમિક શાળા** તથા **૧૦** RMSA **માધ્યમિક શાળાઓ** શરૂ કરવામાં આવશે.
- શિક્ષણ વિભાગ માટે વર્ષ ૨૦૨૩–૨૪ની બજેટ જોગવાઈમાં `**૧૧,૪૬૩ કરોડ**ના માતબર વધારા સાથે આગામી વર્ષે `**૫૫,૧૧૪ કરોડની** જોગવાઇ**.**
- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે અંદાજે `**3000 કરોડ**ની જોગવાઇ.

## **૨૦૨૩–૨૪માં પ્રાઈવેટ શાળામાંથી સરકારી શાળામાં પ્રવેશ કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા**

- વર્ષ ૨૦૨૩–૨૪માં નીચેની વિગતે કુલ : ૨,૨૨,૧૨૨ વિદ્યાર્થીઓએ પ્રાઈવેટ શાળામાંથી સરકારી/ગ્રાન્ટેડ/આદિજાતિ શાળામાં પ્રવેશ મેળવેલ છે.
    - પ્રાઈવેટ શાળામાંથી **સરકારી શાળામાં : ૫૮,૨૬૮** વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ.
    - પ્રાઈવેટ શાળામાંથી **ગ્રાન્ટેડ શાળામાં : ૧,૬૧,૦૬૯** વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ.
    - પ્રાઈવેટ શાળામાંથી **ટ્રાયબલમાં : ૨૭૮૫** વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ.
    - **કુલ : ૨,૨૨,૧૨૨ વિદ્યાર્થીઓએ** પ્રવેશ મેળવેલ.

## નમો લક્ષ્મી યોજના

- રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓ **ધોરણ 9 થી 12 સુધીનો અભ્યાસ પૂર્ણ કરે** તે હેતુથી કન્યાઓ માટે **નમો લક્ષ્મી** યોજના શરૂ કરવામાં આવી.
- સરકારી, અનુદાનિત અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યિમક શાળાઓમાં અભ્યાસ કરનાર પાત્રતા ધરાવતી અંદાજે **૧૦ લાખ** વિદ્યાર્થીનીઓને ધોરણ–૯ અને ૧૦ માટે **વાર્ષિક રૂા.૧૦ હજાર** તેમજ ધોરણ–૧૧ અને ૧૨ માટે **વાર્ષિક રૂા.૧૫ હજાર**ની સહાય આપવામાં આવશે. આમ, આ યોજના હેઠળ ધોરણ–૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યેથી **રૂા.૫૦ હજાર**ની સહાય મળવાપાત્ર થશે.

## **નમો સરસ્વતી યોજના**

- વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ‘‘**નમો સરસ્વતી યોજના**’’ શરૂ કરવાની જોગવાઇ.
- આ યોજના અંતર્ગત ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ–૧૧માં **રૂા.૧૦,૦૦૦/–** અને ધોરણ–૧૨માં **રૂા.૧૫,૦૦૦**/– મળી કૂલ **રૂા.૨૫,૦૦૦**/– ની સહાય.
- આગામી પાંચ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે વાર્ષિક **૨(બે) લાખ**થી વધી **૫(પાંચ) લાખ** થવાની ધારણા.

## ભારતમાં ફક્ત ગુજરાતમાં હોય તેવી યુનિવર્સિટી

(૧) ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન (આઇ.આઇ.ટી.ઇ.)

(૨) ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

(૩) લકુલેશ યોગ યુનિવર્સિટી

## વિદેશની નવી યુનિવર્સિટીએ કરેલ MOU

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ સાથે વિદેશની નવી યુનિવર્સિટીઓએ એમ.ઓ.યુ. કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

- **યુનિવર્સિટી ઓફ સેન ડીએગો (યુ.એસ.ડી.), સેન ડીએગો, કેલિફોર્નિયા, યુ.એસ.એ.**
- **થંડરબર્ડ સ્કુલ ઓફ ગ્લોબલ મેનેજમેન્ટ, અરિઝોના સ્ટેટ યુનિવર્સિટી**
- **ડાઈકીન યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયા – ગીફ્ટ સીટી**
- **યુનિવર્સિટી ઓફ વોલંગોગ, ઓસ્ટ્રેલિયા – ગીફ્ટ સીટી**

## ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ `૮૪૨૩ કરોડની જોગવાઈ

- ખેતીવાડી ફીડરોના હયાત જૂના જર્જરીત વીજ વાયરો/કંડકટર તથા તેને આનુષાંગિક સાધન સામગ્રી બદલી ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા **૧૩૦ કરોડ**ની જોગવાઈ.

## નવા વીજ જોડાણો (એગ્રીકલ્ચર)

- સામાન્ય યોજના માટે સરકારશ્રીની સરેરાશ **અંદાજીત** સહાય/વીજ જોડાણ - **રૂા.૧.૭૩ લાખ**
- નવા વીજ કનેક્શન મેળવવા લઘુતમ **૭૮૫૫**/–ના નજીવા દરે વીજ કનેક્શન

- અનુસુચિત જાતિ/જનજાતિના ખેડૂતને માત્ર <u>**૧૩૫૫**</u>/–ના દરે વીજ કનેક્શન.
- **હાલમાં** રાજયમાં અંદાજીત **૧૯,૭૫,૯૩૫ ખેતીલાયક વીજ જોડાણની ફાળવણી**.
- ખેડૂતોને એગ્રીકલ્ચર વીજ કનેક્શન **માત્ર ૬૦ પૈસા પ્રતિ યુનિટના દરે વીજ પુરવઠો.**

## ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ `૯૨૨૮ કરોડની જોગવાઈ.

### આત્મનિર્ભર ભારત

- અમરેલીમાં એરો ફ્રેયર ઇન્ક કંપની દ્વારા ૪ સીટર પ્લેનનું પ્રોડકશન
- આત્મનિર્ભર ભારત અંતર્ગત હજીરા–સુરત ખાતે વજ્ર ટેન્ક(યુદ્ધ ટેન્ક)નું ઉત્પાદન.
- ફાઇટર પ્લેનનું ઉત્પાદન.

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ `૨,૭૧૧ કરોડની જોગવાઈ

- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા રાજયના **૭૨ લાખ કુટુંબોને છેલ્લાં ચાર વર્ષમાં ૬૮ લાખ મેટ્રીક ટન અનાજ વિનામૂલ્યે**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ ૧૨,૧૩૮ કરોડની જોગવાઈ**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કૂલ `૨૧,૬૯૬ કરોડની જોગવાઈ**

1. નવસારી
2. ગાંધીધામ
3. મોરબી
4. વાપી
5. આણંદ
6. મહેસાણા
7. સુરેન્દ્રનગર/વઢવાણ

**મેટ્રો**

- અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–૧ ની કુલ લંબાઈ લગભગ ૪૦.૦૩ કિમી.

**બુલેટ ટ્રેન**

- ૧૧૬ કી.મીના બ્રિજ સાથે ૨૬૭ કી.મી.ના પિલરનું કામ પૂર્ણ.

**માર્ગ અને મકાન વિભાગ માટે કુલ `૨૨,૧૬૩ કરોડની જોગવાઈ**

**દરરોજ નવા બનતા રોડની પ્રગતિ – દરરોજના કેટલા કિલોમીટર**

- વર્ષ ૨૦૨૨–૨૩માં ભારતમાં અંદાજિત રોજના ૨૨.૨૩ કિલોમીટર હાઈવે રોડ નિર્માણ.

## જળસંપત્તિ પ્રભાગ માટે ₹૧૧,૫૩૫ કરોડની જોગવાઈ

- નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણીથી સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો જોડવા માટેની સૌની યોજના પૂર્ણતાના આરે.
- બાકી રહેતી કામગીરી માટે **૪૩૨ કરોડ**ની જોગવાઈ.

## સરદાર સરોવર યોજના

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ ₹૨૪૨૧ કરોડની જોગવાઈ

- સેમિકન્ડકટર પોલિસી અંતર્ગત સહાય માટે **૯૨૪ કરોડ**ની જોગવાઈ.
- ઈલેક્ટ્રોનિક્સ પોલિસી અંતર્ગત આ ક્ષેત્રના ઉદ્યોગોને સહાય માટે **૧૨૫ કરોડ**ની જોગવાઈ.

## **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ૨૨,૧૯૪ કરોડની જોગવાઈ.**

### **પ્રાકૃતિક કૃષિ**

- ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા પ્રાકૃતિક કૃષિના વ્યાપ વધારવાની વિવિધ યોજનાઓ મળી કુલ **૧૬૮ કરોડ**ની જોગવાઇ.
- પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને દેશી ગાયના નિભાવ ખર્ચ માટે સહાય આપવા **૧૯૯ કરોડ**ની જોગવાઇ.

વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ ૨૫૮૬ કરોડની જોગવાઈ

ક્લાઈમેટ ચેન્જ વિભાગ માટે કુલ ૧૧૬૩ કરોડની જોગવાઈ

ગૃહ વિભાગ માટે કુલ `૧૦,૩૭૮ કરોડની જોગવાઈ

કાયદા વિભાગ માટે કુલ `૨૫૫૯ કરોડની જોગવાઈ

માહિતી અને પ્રસારણ વિભાગ માટે કુલ `૩૮૪ કરોડની જોગવાઈ

## આઝાદી પછીના વણઉકલેલ પ્રશ્નો

- **સરદાર સરોવર ડેમ–નર્મદા**
    - નર્મદાના દરવાજા વર્ષ ૨૦૧૪માં ૧૭માં દિવસે ચઢાવ્યા.
- **આર્ટીકલ ૩૭૦**
    - ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૭૦એ જમ્મુ અને કાશ્મીરને વિશેષ સ્વાયત્ત દરજ્જો આપ્યો હતો. તે શરૂઆતમાં એક અસ્થાયી જોગવાઈ હતી જેણે રાજ્યને તેનું બંધારણ, ધ્વજ જેવી અનેક બાબતો પર નોંધપાત્ર સ્વાયત્તતા આપવાની મંજૂરી આપી હતી.

- **ત્રિપલ તલાક**
  - લઘુમતિ સમાજના વિશેષ મહિલા સમૂહને ભારતની અન્ય મહિલાઓની સરખામણીમાં મળવાપાત્ર હકકોનું ઉલંઘન થતું હતું.
  - ત્રિપલ તલાકના કાયદા બાદ લઘુમતી સમાજના વિશેષ મહિલા સમૂહને ભારતની અન્ય મહિલાઓની સમકક્ષ તેનો મૂળભૂત હક્ક મળ્યો.

- **બાંગ્લાદેશ સીમા વિવાદ**
  - 6મી સપ્ટેમ્બર, 2022ના રોજ ભારત અને બાંગ્લાદેશ દ્વારા ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય અને બાંગ્લાદેશ સરકારના જળ સંસાધન મંત્રાલય વચ્ચે સરહદ પર આવેલ નદી કુશિયારામાંથી શુષ્ક ઋતુ દરમિયાન 153 ક્યુસેક સુધી પાણીનો જથ્થો વપરાશ કરવા પર મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ(એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

- **<u>નેવીનો લોગો બદલાવ્યો</u>**
  - ઓગસ્ટ 2022માં વડાપ્રધાન કાર્યાલયે જાહેરાત મુજબ સેન્ટ જ્યોર્જ ક્રોસ દર્શાવતા નૌકાદળના ઝંડાનો નિકાલ કરવામાં આવશે, નવી ડિઝાઇનની તરફેણમાં જે ગુલામીના ભૂતકાળને દૂર કરશે અને સમૃદ્ધ ભારતીય દરિયાઈ વારસાને ભવ્યદીપ કરશે
  - આ ઝંડામાં ઉપલા કેન્ટોન પર ભારતીય રાષ્ટ્રધ્વજનો સમાવેશ થાય છે, એક વાદળી અષ્ટકોણ જે લંગરની ઉપર રાષ્ટ્ર પ્રતીકને ઢાંકી દે છે, જે નૌકાદળના મુદ્રાલેખ “Saṁ No Varunah” (સમુદ્રના દેવતાનું આહ્વાન કરતો એક વૈદિક મંત્ર) સાથે ઢાલ પર લગાવાયેલ છે. અષ્ટકોણ આઠ દિશાઓનું પ્રતિનિધિત્વ કરે છે અને તેને નૌકાદળની **"બહુદિશાકીય પહોંચ અને બહુપરિમાણીય કાર્યક્ષમતા"**ના પ્રતિક તરીકે સામેલ કરવામાં આવ્યો. અષ્ટકોણની સુવર્ણ સરહદો મરાઠા સમ્રાટ છત્રપતિ શિવાજી મહારાજની મુદ્રાથી પ્રેરિત.

- **<u>રામ મંદિર</u>**
- **<u>જી.એસ.ટી.નું અમલીકરણ</u>**
- **<u>ભારત પર અંગ્રેજોના સમયની એક કમિટી નાબૂદ કરી.</u>**

**<u>બિપોર જોય સાઈક્લોનની કામગીરી</u>**

- બિપોરજોય ચક્રવાતથી મીનીમમ લોસ થાય તે અભિગમ સાથે ગુજરાત સરકારે કરેલા આગોતરા આયોજનથી કેઝ્યુલીટી 'ઝીરો':
- આઠ જિલ્લાઓમાં કુલ ૩૭,૭૯૪ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર–૮૬૯ મીઠા અગરના ૬૨૨૯ અગરિયાઓને પણ અન્યત્ર શિફ્ટ કરવામાં આવેલ.

- સરકારની કામગીરી.
- કચ્છમાં
- કલેકટરશ્રીના ધર્મપત્નિ શ્રીમતી પ્રિતી શર્મા (પી.જી.વી.સી.એલ.– જોઇન્ટ એમ.ડી.)
- પ્રથમ મીટીંગ
- આયોજનની માહિતી.
- વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ જાણવી.
- વિસ્તારનો પ્રવાસ કર્યો.

- **ચંદ્રયાન – ભારતની સિદ્ધિ**
- **સેટેલાઇટ, એન્ટી મીસાઇલ્સ**
- **જામનગરમાં યુનો સાથે આયુર્વેદ અને એલોપેથીનું સંશોધન કેન્દ્ર**
- **સ્ટેચ્યુ ઓફ યુનિટી – સૌથી ઉંચાઇ ધરાવતું સ્ટેચ્યુ**
- **સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ – નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, મોટેરા, અમદાવાદ**
- **સૌથી મોટી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ**
- **એશિયાની સૌથી મોટી સરકારી હોસ્પિટલ.**
- **૭૦૦૦+ બેડ**ની વ્યવસ્થા.
- જ્યાં **સૌથી વધુ કિડની ટ્રાન્સપ્લાન્ટ સૌથી વધુ હૃદય સારવાર.**

## રાજયના દરેક જીલ્લામાં અમૃત સરોવર

- દેશમાં **મિશન અમૃત અંતર્ગત** રાજયના **પ્રત્યેક જીલ્લામાં ૭૫ ઉપરાંત અમૃત સરોવર** થકી ગુજરાતમાં **કૂલ ૨૬૪૯** અમૃત સરોવરનું કામ પૂર્ણ.

## સ્વચ્છતા માટેનું આયોજન

- **તાજેતરમાં ભારતના સૌથી સ્વચ્છ શહેર તરીકે સુરતને મળ્યું સન્માન.**

## સૌથી મોટું બંદર–કંડલા બંદર

- **ભારતની આઝાદી બાદ નિર્માણાધીન પ્રથમ બંદર**

## હજીરાથી ઘોઘા જળ પરિવહનનું આયોજન

- ભારતની સૌથી લાંબી ફેરી સર્વિસ
- હજીરા અને ઘોઘા રોડ દ્વારા અંતર 360 કિ.મી.

## ચુનેસ્કોમાં ગરબાને સ્થાન

- છેલ્લા **બે દાયકાથી** ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા **વાઈબ્રન્ટ નવરાત્રીનું ભવ્ય આયોજન.**
- **ચુનેસ્કો દ્વારા ગુજરાતનાં ગરબાને અમૂર્ત પારંપારીક નૃત્યનો દરજ્જો.**

## ધોરડોનું સ્થાન વિશ્વ પ્રવાસનમાં સ્થાન

- ગુજરાતના કચ્છ જિલ્લાના **ધોરડો** ગામને **ચુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન** (UNWTO) **દ્વારા પ્રતિષ્ઠિત 'શ્રેષ્ઠ પ્રવાસન ગામ'ના ખિતાબ**થી સન્માનિત કરવામાં આવ્યું છે.